ફરિયાદ દાખલ તારીખ : ૦૪/૧૦/૨૦૨૨
રજીસ્ટર કર્યા તારીખ : ૦૪/૧૦/૨૦૨૨
નિકાલ કર્યા તારીખ : ૨૭/૦૧/૨૦૨૩
સમય અવધિ : વર્ષ– માસ– દિવસ

---

મહેરબાન શિહોરીના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.શિહોરી.

---

ક્રિમી.કેસ.નંબર :૨૨૮૦/૨૦૨૨
આંક :૧૨

ફરિયાદી :– શ્રી સરકાર.

વિરુદદધ

આરોપી :– (૧) ચેતનસિંહ વદનસિહ ઉર્ફે કાળુભા વાઘેલા
રહે. થરા, ઘનાસરી તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા

(૨) ધર્મેન્દ્રસિંહ કનુભા ઝાલા
રહે. થરા, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા

ગુનો :– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એઈ, ૧૧૬(૨), ૮૧ મુજબ...

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી. એ.એચ. પટેલ

આરોપી તરફે વિ.વકીલશ્રી જે.આઈ.વાઘેલા

---

**–:: ઠ રા વ ::–**

---

(૧)... ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ એકબીજાના મેળાપીપણાથી તહો.નં૧ ના પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં સીડી નીચે બનાવેલ ભોયરામાં ભારતીય બનાવટના વિદેશીદારૂ/બીયરની બોટલ નંગ–૩૩ કિ.રૂા.૫૭૬૦/–નો પ્રોહી મુદ્દામાલ ગે.કા. અને વગર પાસ પરમીટનો રાખી પોલીસ રેઈડ દરમિયાન હાજર ના મળી આવી પ્રોહી. એકટની કલમ– ૬૫ એઈ, ૧૧૬(૨), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવા બાબતે આ અદાલતમાં ચાજૅશીટ કરવામાં આવેલ છે.

(૨)... આ કામના આરોપીઓને સમન્સ બજતાં તેના વિ.વકીલશ્રી મારફતે હાજર થતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પૂરી પાડેલ છે અને આંક–૦૩ થી આરોપીઓનું તહોમતનામુ તથા આંક.૦૪તથા આં.૦૫ થી જુબાની નોંધવામાં આવેલા છે. જેમાં, આરોપીઓએ તેઓના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે. આથી, ઉપરોકત ગુના સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩)... ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| | **મૌખિક પુરાવો...** | **આંક...** |
|---|---|---|
| (૧) | ફરિયાદી પ્રકાશભાઈ માવજીભાઈની જુબાની | ૦૯ |
| (૨) | પંચસાહેદ પ્રદિપસિંહ ભારુભા વાઘેલાની જુબાની | ૦૬ |
| (૩) | પંચસાહેદ અલ્પેશસિંહ રણજિતસિંહ વાઘેલાની જુબાની | ૦૮ |
| (૪) | ત.ક.અ. હસમુખભાઈ ઈશ્વરભાઈની જુબાની | ૧૧ |
| | **દસ્તાવેજી પુરાવો...** | **આંક...** |
| (૧) | પંચનામું. | ૦૭ |
| (૨) | ફરિયાદ. | ૧૦ |

(૪)... ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ પર આવેલ ના હોય, વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. તથા આ કામે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલ સાંભળવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામે રેડ અંગેના પંચસાહેદોએ સમર્થન આપેલ નથી, સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. જેથી, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ના હોય આરોપીને નિર્દોષ છોડી મુકવા દલીલ કરેલ છે.

(૫)...ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ એકબીજાના મેળાપીપણાથી તહો.નં૧ ના પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં સીડી નીચે બનાવેલ ભોયરામાં ભારતીય બનાવટના વિદેશીદારૂ/ બીયરની બોટલ નંગ–૩૩ કિ.રૂા.૫૭૬૦/–નો પ્રોહી મુદ્દામાલ ગે.કા. અને વગર પાસ પરમીટનો રાખી પોલીસ રેઈડ દરમિયાન હાજર ના મળી આવી પ્રોહી. એકટની કલમ–૬૫ એઈ, ૧૧૬(૨), ૮૧મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬)... ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭)... ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**-:: કા ર ણો ::-**

(૮).. મુદ્દા નંબર-૧ અને ૨..

આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવા ફરિયાદપક્ષે આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટામાં ભારતીય બનાવટના પરપ્રાંતીય વિદેશીદારૂ તથા બીયર પ્રોહી મુદ્દામાલ ગે.કા.અને વગર પાસ પરમીટનો રાખી વેચાણ કરતા મળી આવેલ હોવાનું પુરવાર કરવું પડે અને આ બાબત પુરવાર કરવા ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આ કામના ફરિયાદીને તપાસેલ છે જેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ છે કે, બનાવ સમયે તેઓ પોલીસ સ્ટાફના માણસો થરા પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી પેટ્રોલીંગમાં હતા તે સમયે ખાનગી રાહે બાતમી મળેલ કે ધર્મેન્દ્રસીંહ કનુભા ઝાલા રહે.થરા તથા ચેતનસીંહ વદનસીંહ વાઘેલા બંને રહે.થરા વાળાઓ ભેગા મળી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો ભાગીદારીમાં વેચે છે અને હાલમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂ ધર્મેન્દ્રસીંહ કનુભા ઝાલાના રહેણાંક ઘરે સંતાડી રાખેલ છે. જે બાતમી હકિકત આધારે નજીકમાંથી બે પંચો બોલાવી સદરહુ ઈસમના ઘરે રેઈડ કરતા કોઈ હાજર મળી આવેલ નહી અને પંચો રૂબરૂ તેના ઘરની ઝડતી તપાસ કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ નંગ-૩૩ કિંમત રૂા.૫૭૬૦/-નો પ્રોહી મુદામાલ ગે.કા. અને વગર પાસ પરમીટનો મળી આવેલ આ તમામ મુદ્દામાલ પંચો રૂબરૂ પંચનામુ કરી, બાકીના મુદામાલને કબજે કરેલ. અને આ બાબતે ફરિયાદીએ ફરિયાદ આપેલી હતી. આમ, ફરિયાદીના પુરાવા પ્રમાણે બનાવ સમયે તેઓની સાથે પંચસાહેદો હતા અને તેઓની હાજરીમાં જ મુદ્દામાલ કબજે કરવાની કાર્યવાહી કરવામાં આવેલી છે. પરંતુ, પંચસાહેદોનો પુરાવો જોતાં પંચસાહેદોએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ નથી અને તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલાની હકીકતો જણાવેલ છે જે બાબત સાથે પંચસાહેદોનો પુરાવો ધ્યાને લેતાં ખરેખર આ કામના પંચસાહેદોની હાજરીમાં આરોપી મળી આવેલ નથી. તથા આરોપીના કબજા ભોગવટામાંથી ભારતીય બનાવટના વિદેશીદારૂની બોટલ વિગતે પોલીસે પંચો રૂબરૂ કબજે કર્યાની હકીકત શંકા ઉપજાવે છે.

(૯)... વધુમાં, આ કામે ત.ક.અધિકારીને તપાસેલ છે. જેઓએ સદર ગુનાની આગળની તપાસ ડેપ્યુટ હુકમના આધારે સોંપતા તે સંભાળેલી. ત્યારબાદ રીડીંગ પાર્ટીના સભ્યોના નિવેદનો લીધેલા અને પકડાયેલ મુદામાલનું સેમ્પલ એફ.એસ.એલ.માં રવાનગી નોંધના સાથે મોકલી આપેલ. તપાસણી રીપોર્ટ આવેલ નથી. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આ કામે બીજી કોઈ તપાસ તેઓએ કરેલ નથી. વધુમાં, આ કામે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેઓ પોતાની સરતપાસની હકીકતને વળગી રહેલ છે. તથા ત.ક.અધિકારીની ઉલટતપાસ કરતાં જેઓ પણ પોતાની

સરતપાસની હકીકતને વળગી રહેલ છે. તથા પોલીસ સાહેદો સિવાયના સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા ન હોવાનું જણાવેલ છે. આ કામે પોલીસ સાહેદ સિવાયના સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોય, તેમ છતાં, કોઈ સાહેદોના નિવેદન કે પુરાવો રજૂ કરવામાં ન આવે ત્યારે આ બાબત ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત કરે છે આ કામે મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદો છે જેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો પોતાની જુબાનીઓમાં જણાવેલ નથી અને ફકત તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકતો જણાવેલ છે ત્યારે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના સમર્થન વગર ફકત ફરિયાદી અને અન્ય પોલીસ સાહેદોનો પુરાવો કે જેમાં પણ વિસંગતતા અને શંકા જણાય છે તેને ઘ્યાને લઈ તેમજ જયારે હાલના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી સદરહુ મુદ્દામાલ મળી આવેલ હોવાનું ફલિત થતુ નથી. તેમજ, આ કામે ફરિયાદી દવારા મળી આવેલ મુદ્દામાલ વિદેશીદારુ હોવાનો પુરાવો રજુ કરવા કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં આ કામના આરોપીના કબજા ભોગવટામાં વિદેશીદારૂની બોટલ રાખેલ હોવાનું પણ શંકાસ્પદ જણાય છે ત્યારે આરોપી સામેનો ગુનો ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલાનુ માની શકાય નહીં.

(૧૦). વધુમાં, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિઘ્ધાંતો પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરૂઘ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશનના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં, રેકર્ડ ઉપરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી. અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય, ત્યારે તેવા સંજોગોમાં પ્રોસીકયુશન પોતાનો કેસ આરોપી વિરૂઘ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહીં અને ફરિયાદપક્ષમાં રહેલ આવી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. આમ, ઉપરોકત તમામ હકીકતો સાથે આ કામે તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો જોતાં આરોપી પાસેથી પાસ પરમીટ વગર વિદેશીદારૂ વગેરે મુદામાલ મળી આવેલ હોવાનું પુરવાર થતુ નથી. આમ, જે પુરાવા રજૂ છે તેનાથી આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર થતો ન હોય, મુદાનં.૧ નો નિર્ણય નકારમાં આપી, મુદા નં.ર લગત નીચે મુજબનો હુકમ કરૂ છું.

**–:: હુ ક મ ::–**

(૧) ક્રિ.પ્રો.કોડ કલમ ૧૯૭૩ ની કલમ–ર૪૮(૧) અન્વયે, આ કામના આરોપી (૧) ચેતનસિંહ વદનસિહ ઉર્ફે કાળુભા વાઘેલા તથા (ર) ધર્મેન્દ્રસિંહ કનુભા ઝાલા બંને રહે.થરા તા.કાંકરેજ, જિ.બનાસકાંઠાને ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૫ એઈ, ૧૧૬(ર), ૮૧ મુજબ શિક્ષાનેપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આ કામે કબજે કરેલ મુદ્દામાલ જ.મુ.પાવતી નં.૧૬૧/ર૦રર માં જણાવ્યા મુજબનો મુદ્દામાલ પ્રોહીનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) સદર હુકમની સંબંધિત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

(૪) આરોપીના અગાઉ રજૂ થયેલ જામીનખત તથા જાત મુચરકા રદ કરવામાં આવે છે.

(૫) આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટમાં અપીલ થવાના સંજોગોમાં ક્રિ.પ્રો. કોડની કલમ.૪૩૭ (એ) મુજબ છ માસ માટે આરોપીને રૂા.૫૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ : શિહોરી
તા.૨૭/૦૧/૨૦૨૩

(પ્રજ્ઞેશકુમાર બાબુભાઈ પટેલ)
જયુ. મેજી.ફર્સ્ટ કલાસ, શિહોરી.
કોડ નં જી.જે ૦૧૨૭૮